# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૯/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 2830-4 તારીખ : 16-4-19

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
જીતેન્દ્ર પરસોત્તમભાઈ વાઘેલા
કાલાવડ ગેઇટ બહાર, ખોડીયાર નગર પાસે, પરસોત્તમ માલિની વાડી, જામનગર, પીનકોડ - ૩૬૧૦૦૧,
જી. : જામનગર,
મોબાઈલ : ૯૯૨૪૩ ૪૯૧૭૭

વિષય : ખેતીવાડી શીફ્ટીંગ.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૫૯/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જી. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જામનગર શહેર-૧.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, હાપા.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૪

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com, E-Mail- forum.pgvcl@gebmail.com


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૯/ક્વા–૦૪/૧૮–૧૯/** તા.

૨૦૦3 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૯/ક્વા–૦૪/૧૮–૧૯

અરજદાર: જીતેન્દ્ર પરસોતમ વાઘેલા ગામ: જામનગર

રજૂઆત કરનાર: અરજદાર જીતેન્દ્ર પરસોતમ વાઘેલા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર

રજૂઆત કરનાર: (૧) શ્રી એન.એફ.દોશી કાર્યપાલક ઈજનેર – શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર

(૨) શ્રી જે.એમ.સીઘી નાયબ ઈજનેર– હાપા પેટા વિભાગીય કચેરી જામનગર

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી – જામનગર

તારીખ: ૦૯/૦૪/૨૦૧૯

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯/૦૪/૨૦૧૯ ના રોજ ફોરમ કમિટી સમક્ષ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર જીતેન્દ્ર પરસોતમ વાઘેલા ગામ: જામનગર ની અરજી ના નોંધણી નંબર : ૫૯/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ મા જણાવે છે કે, તેઓ ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં.: ૮૫૫૨૭/૦૦૫૦૬/૬ થી નગરસીમ માં વીજજોડાણ ધરાવે છે.

૨.૧ અરજદારે સદર જમીન બીનખેતી થતા – સદર વીજજોડાણ તેઓના અન્ય સર્વે નંબર: ૬૬૬ ગામ–મોટા થાવરીયા માં શીફટીંગ કરવા માટે ની અરજી તા.૩૦–૦૫–૧૮ થી કરેલ છે. પરંતુ, પીજીવીસીએલ દ્વારા અંદાજપત્ર અપાયેલ નથી.

૨.૨ અરજદારે તેઓની જમીન બીનખેતી થતા – તે જ રકમ / મુળી માથી ભાઈઓ વચ્ચે જમીન ખરીદેલ છે. જે જમીન મા કોઈ અન્ય ખેડુત ભાગીદાર નથી. તેમ છતા, પીજીવીસીએલ દ્વારા નિયમો નુ ખોટુ અર્થઘટન કરી અને તેઓની અરજી ગ્રાહય રાખેલ નથી. જેથી – અરજદારે મળવા પાત્ર વળતર આપવા – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 શ્રી જીતેન્દ્રભાઈ પરસોતંભાઈ વાઘેલાએ ખેતીવાડી જોડાણ ગ્રાહક નંબર : ૮૫૫૨૭/૦૦૫૦૬/૬, 5 HP માં નામ બદલી તથા ખેતીવાડી શીફ્ટીંગ અંગેની અરજી રૂ.૫૦૦.૦૦ ,રસીદ નં ૦૮૦૩૬૫ ,તા.૩૦.૦૬.૧૮ થી ભરપાઇ કરી નોંધણી કરાવેલ હતી.

3.1 અરજદાર શ્રી એ અરજી સાથે જોડેલ મોટા થાવરીયા ગામના સર્વે ન-૬૬૬ ના ગામ નમૂનો નં ૭માં દર્શાવ્યા મુજબ અરજદારશ્રી જીતેન્દ્રભાઈ પરસોતંભાઈ વાઘેલા તથા અન્ય ત્રણ ભાગીદારો છે. તેમજ ૬-હક્ક પત્રક નોંધ નં ૨૯૨૦ માં દર્શાવ્યા મુજબ સદર મોટા થાવરીયા ગામના સર્વે નં ૬૬૬ વાળી જમીન શ્રી જીતેન્દ્રભાઈ પરસોતંભાઈ વાઘેલા તથા પરસોતમ રામજી વાઘેલા, ભગવાનજી પરસોતમ વાઘેલા, રાજેશ પરસોતમ વાઘેલા ભાગીદારો સાથે વેચનાર શ્રી સુધાબેન લખુભાઈ રાઠોડ પાસેથી ર.દ. નં ૫૪૮/૨૦૧૭ તા.૧૧.૦૭.૧૭ દ્વારા વેચાણથી લીધેલ છે.

3.2 પરિપત્ર નં જીયુવીએનએલ/ટેક/એજી.કને/૨૧૮૯ તા.૨૪.૧૦.૨૦૧૩ ના ખેતીવિષયક હળવા દબાણના હયાત વીજ જોડાણ ધરાવતા ગ્રાહકોના સ્થળફેર (શીફ્ટીંગ) ના ભાગમાં અનુ.ક-૨ ની પેટા કલામ (ચ) મુજબ ગ્રાહક નવી જમીન ખરીદી કરીને સ્થળફેર માંગે તો (૧) જમીન ઓછામાં ઓછી બે એકર અને અરજદારના નામે ઓછામાં ઓછી બે વર્ષથી હોવી જોઈએ તથા (૨) બીજા ખેડૂતની ભાગીદારી ન હોવી જોઈએ.

3.3 આમ સદર કેસમાં માગણીવાળી જગ્યામાં બીજા ખેડૂતોની ભાગીદારી હોવાથી તેમજ બે વર્ષનો સમયગાળો પણ પૂર્ણ ન થતો હોય પરિપત્ર મુજબ અરજદારશ્રીને મોટા થાવરીયા ગામના સર્વે નં ૬૬૬ માં સદર ખેતીવાડી વીજ જોડાણનું શીફ્ટીંગ થઈ શકે નહી. આ અરજી અન્વયે અરજદારશ્રીને હાપા પે.વી.કચેરીના પત્ર નં એચ.એસ.ડી./ટેક/૧૩૮૮ તા.૧૧.૩.૧૯ થી જાણ કરેલ છે.

## : હુકમ:

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ શ્રી જીતેન્દ્ર પરસોતમ વાઘેલા ગામ: જામનગર એ નામ બદલી તથા ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં.: ૮૫૫૨૭/૦૦૫૦૬/૬ ને શીફટીંગ કરવા માટેની અરજી રૂ.૫૦૦/- રસીદ નંબર: ૦૮૦૩૬૫ તા.૩૦-૦૫-૧૮ થી ભરપાઈ કરી નોંધણી કરાવેલ હતી.

૪.૨ અરજદારે અરજી સાથે જોડેલ મોટા થવારીયા ગામના સર્વે નંબર: ૬૬૬ વાળી જમીન - શ્રી રામજી વિરજી વાઘેલા ના ૦૪ વારસદારો (૧) જીતેન્દ્ર પરસોતમ વાઘેલા (૨) પરસોતમ રામજી વાઘેલા (૩) ભગવાનજી પરસોતમ વાઘેલા (૪) રાજેશ પરસોતમ વાઘેલા ગામ-મોટા થાવરીયા માં શીફટીંગ કરવા માટે ની અરજી તા.૩૦-૦૫-૧૮ થી કરેલ છે. એમ કુલ ૦૪ વારસદારો દ્વારા જમીન વહેચનાર શ્રી સુધાબેન લખુભાઈ રાઠોડ પાસેથી રજીસ્ટર્ડ દસ્તાવેજ વેચાણ નં.-૫૪૮/૨૦૧૭ તા.૧૧-૦૭-૧૭ દ્વારા વેચાણથી લીધેલ છે.

૪.૩ પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪-૧૦-૧૩ ના ખેતી વિષયક હળવા દબાણ ના હૈયાત વીજજોડાણ ધરાવતા ગ્રાહકો ના સ્થળફેર ( શીફટીંગ ) ના ભાગમાં કલોઝ-૨ ની પેટા કલમ-(ચ) મુજબ - ગ્રાહક નવી જમીન ખરીદી કરીને સ્થળ ફેર માંગે તો (૧) જમીન ઓછામાં ઓછી બે એકર અને અરજદારના નામે ઓછામાં ઓછી બે વર્ષથી હોવી જોઈએ તથા (૨) બીજા ખેડૂતની ભાગીદારી ન હોવી જોઈએ.

૪.૩ ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે - સદર કેઈસ મા, અરજદાર ની માંગણી મુજબ ની જગ્યામાં ૦૨ વર્ષ નો સમયગાળો પૂર્ણ થતો ન હોય - અરજદાર શ્રી ને મોટા થવારીયા ગામના સર્વે નંબર: ૬૬૬ મા સદર ખેતીવાડી વીજજોડાણ નુ શીફટીગ થઈ શકે નહી. આમ, અરજદાર ની ખેતીવાડી વીજજોડાણ ને શીફટીગ કરવાની અરજી ગ્રાહય રાખવામા આવતી નથી.

૪.૪ અરજદારની ફરિયાદનો આ તબક્કે ફૈસલ કરવામાં આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સ્વતંત્ર સભ્ય

(શ્રી બી. પારેખ)
કા.વા.ચેરપર્સન

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot